# સ્મૃતિશેષ

## [ ૨૩ ]

'**શ્રી**' સંજ્ઞાથી જે નિબંધાવળી "અખંડ આનંદ"માં આજ લગી પ્રસિદ્ધ થતી રહી છે, તે તરફ પ્રથમથી જ મારું ધ્યાન ગયેલું. બીજા લેખો ન વંચાય તોપણ એ નિબંધિકા સાંભળવાની લાલચ શમી નથી, એમ યાદ આવે છે. હું પ્રથમ જાણતો ન હતો કે એના લેખક મારા એક સુપરિચિત સજ્જન છે. એ નિબંધિકાઓની મારા મન પર જે છાપ ઊઠતી જતી હતી, તે મને એમ માનવા પ્રેરતી હતી કે આનો લેખક કોઈ સૂક્ષ્મચિંતક અને પ્રાંજલ લખાણની શક્તિ ધરાવતો હોવો જોઈએ.

એ નિબંધિકાઓ સાંભળતી વખતે મને ઇમર્સનનાં તત્ત્વચિંતનોની અને કાકા કાલેલકરે ગીતાધર્મમાં લખેલા દૈવીસંપત ઉપરના નિબંધોની યાદ આવ્યા કરી છે; અલબત્ત, બધા ચિંતકો અને લેખકોની વિચાર તેમ જ લેખનપ્રક્રિયા કાંઈ તદ્દન સમાન હોતી નથી.

જ્યારે મેં જાણ્યું કે એ પ્રકારની નિબંધિકાઓનો સંગ્રહ છપાયો છે, ત્યારે મેં હૃદયથી એને આવકાર્યો. એક તો ક્રમેક્રમે સામયિકોમાં પ્રસિદ્ધ થયેલાં લખાણો સૌને એકસાથે સુલભ નથી હોતાં, અને જેઓ પાસે અંકોની ફાઈલ હોય તેઓ પણ એક એક અંક કાઢી તેને વાંચવા જેટલી ઉત્કટતા ભાગ્યે જ ધરાવતા હોય છે. તેથી ઊલટું, જ્યારે એક સામટો સંગ્રહ હાથમાં પડે ત્યારે સહેજે ગમે તેને વાંચવાનું મન થઈ આવે છે. અને એક વાર કોઈ નિબંધે રસ જગાડ્યો તો પછી વાચક એને પૂરેપૂરું વાંચ્યા વિના છોડતો જ નથી.

વળી આ લખાણો નિબંધ કરતાં નિબંધિકા જ વધારે છે. એક તો એ કે તે કંટાળો આપે કે થકવે એવા લાંબા નથી, અને બીજું એ કે દરેકના વિષયો દેખીતી રીતે જુદા જુદા હોવા છતાં, સળંગ જીવનની દૃષ્ટિએ તદ્દન પરસ્પર સંકળાયેલા છે. એની ભાષા જરાય કૃત્રિમ કે સંસ્કૃતના ભારથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લદાયેલ નથી, ને શિષ્ટતાનું પૂરેપૂરું ખમીર ધરાવે છે. જાણે કે ઘરગથ્થુ શિષ્ટ ભાષાનું એક કલેવર જ ઘડાયું ન હોય, એમ લાગ્યા કરે છે. એમાં પ્રસંગોચિત જે ઉપમાઓ અને દૃષ્ટાંતો આવે છે, તે તો મારી દૃષ્ટિએ વિચારવંત વાચકને ઘડીભર થંભાવી દે તેવાં સચોટ છે. એમાં અર્થપૂર્ણ નવીનતા દીસે છે અને મૂળ વક્તવ્યને અજબ રીતે સ્ફુટ કરે છે.

નિબંધિકાઓની એક ખાસ ખૂબી એના વિચારોના વળાંકો અને વલણોમાં રહેલી છે. લેખક કોઈ પણ વિષયની ચર્ચા કરે છે, ત્યારે તે તે વિષયને લગતા મુદ્દાઓને એક પછી એક એવી રીતે સ્પર્શે છે અને ઊંડો ઊતરતો જાય છે કે જાણે તે એક ઊંડા જળાશયમાં ઘાટના ઉપરના પગથિયાથી ક્રમે ક્રમે નીચેના સોપાને ઊતરતાં ઊતરતાં તળ સુધી પહોંચવા મથતો ન હોય! જેમ ડુંગળીના દડા કે કેળના થંભમાં એક પછી એક એમ અનેક પડો ઊખળે જાય છે તેમ નિબંધના વિષયોની ચર્ચામાં તેને સ્પર્શતા અનેક દૃષ્ટિબિન્દુઓ એક પછી એક ઊખળે જાય છે, અને વાચકની રુચિને તાજગી આપ્યા જ કરે છે.

વિષયોની પસંદગી રોજિન્દા જીવનને ધ્યાનમાં રાખી થયેલી છે, છતાં તે માત્ર સ્થૂળ જીવનને સ્પર્શ નથી કરતા. જે આંતરજીવનના બળથી સ્થૂળ વ્યવહારુ જીવન સમૃદ્ધ અને સંવાદી બને તે જીવનની ભૂમિકા ઉપર જ ચર્ચાનું મંડાણ થયેલું હોવાથી વાચક સહેજે અંતર્મુખ થવા લલચાઈ જાય છે.

જે નિબંધિકાઓ વાંચતાંવેંત જ દૃઢ પ્રતીતિ ઉપજાવે છે કે જીવનના હરકોઈ ક્ષેત્રમાં ઊભા થતા અનુકૂલ અને પ્રતિકૂળ સંયોગો તેમ જ તેની ચિત્ત પર પડતી અસરનાં મૂળ કારણોની શોધ કરવા જતાં લેખક અનાયાસે ચિત્તના બંધારણ તેમ જ તેના ક્ષણે ક્ષણે પલટા ખાતા વ્યાપારોને સ્પર્શે છે. પોતાના સ્વાનુભવ અને અંતરનિરીક્ષણના બળ ઉપર જ આવા વસ્તુસ્પર્શી વિચારો ઉદ્‌ભવી શકે. આમાં કેટલાક નિબંધો તો એવા છે કે જે નિષ્ક્રિયમાં ક્રિયાશક્તિ જગવે અને અધીરાને ધીરો બનાવે, અન્ય પર દોષનો ટોપલો ઢાલવનારને સ્વલક્ષી બનાવી શુદ્ધિ તરફ પ્રેરે. એકંદર આ બધી નિબંધિકાઓ પ્રતિપાદક શૈલીથી લખાયેલી છે અને છતાં નિષેધ કરવા યોગ્ય વસ્તુનો બહુ મીઠાશથી પણ સચોટ દલીલથી નિષેધ કર્યો છે. હું એમ સમજું છું કે જેઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આત્મશુદ્ધિ, આત્મબળ અને કર્તવ્યનિષ્ઠા યોગ્ય રીતે પોષવા ઇચ્છતા હોય ને જેઓ શાંતિવાંછુ હોય તેઓ આ નિબંધિકાઓને વિચારપૂર્વક રફતે રફતે પણ વાંચશે તો તેઓ જુદી જ દુનિયા અનુભવશે.

ખરી રીતે આ નિબંધાવલી મનનમાધુરી નામને અગર તો વિચાર-મુક્તાવલી કે અંતર્મુખ સોપાન–શ્રેણીના નામને પાત્ર છે. નિબંધિકામાં મને પોતાને એટલી બધી વિશેષતાઓ ભાસી છે કે તેનો ઉલ્લેખ અત્રે શક્ય નથી. માત્ર એટલું જ કહી શકાય કે વાચક પોતે જ એને આસ્વાદે.*

---

* શ્રી. મોહનલાલ મહેતા 'સોપાન'ના પુસ્તક 'દીપમંગલ'ની પ્રસ્તાવના.

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org